# મને અમેરીકા ગમે છે – કેમ ?

–કાન્તી મેપાણી

આપણે આપણાથી સાવ બીજે છેડે, ઉલટી બાજુએ આવેલા અમેરીકા જઈએ છીએ. અમેરીકામાં ઈન્ડીયનોની વધી રહેલી વસતીના આંકડા જોઈને એમ લાગે છે કે આપણને અમેરીકાનું ઘેલું લાગ્યું છે. ત્યાનું અર્થતંત્ર ખાડે ગયું છે, ત્યાંના નાગરીકો નોકરી ગુમાવતા જાય છે. બેકારીનો આંક રોજ રોજ ઉંચો જઈ રહ્યો છે એનાથી ગભરાઈને પણ કોઈ અમેરીકા જવાનું માંડી વાળવા તૈયાર નથી. અને આ હકીકત અમેરીકા આવવા ઈચ્છતા યુરોપીયનો, એશીયનો, આરબો અને આફ્રીકનોને પણ લાગુ પડે છે.

અમેરીકાનું આટલું બધું આકર્ષણ શા માટે ? શું ત્યાં છે જે અહીં નથી ?

ત્યાં ચોખ્ખાઈ છે, વ્યવસ્થા છે, વસતી ઓછી–આછી છે. પાણીને વીજળીનો પુરતો પુરવઠો છે. સહુને પોસાય એ ભાવે ખાવાપીવાની ચીજો મળી રહે છે. રોટી, કપડાં અને મકાન જેવી જીવનની પ્રાથમીક જરુરીયાતોથી કોઈ કરતાં કોઈ ત્યાં વંચીત રહેતું નથી.

રોજેરોજનાં કામકાજ પાર પાડવામાં સામાન્ય નાગરીકને જે હાલાકીઓ ભારતમાં વેઠવી પડે છે એનું કારણ શું છે ?

આપણા ભણેલા–ગણેલાને સારી અને ઉંચા પગારની નોકરી મળે છે એની ના નહીં; પણ કેટલા જણને ?

આપણાં શહેર, જીલ્લા, તાલુકાનાં મથકો વસતીથી અને ગંદકીથી ખદબદે છે. શા માટે એનો કોઈ ઈલાજ કરતું નથી ? બધાય એકબીજા પર દોષનો ટોપલો ઢોળવામાં પડ્યા છે.

આજે(૨૦૧૦માં) ડૉલરનો ભાવ સુડતાળીસ (૨૦૧૨માં પંચાવન)રુપીયાની આસપાસ રહે છે, એ રળવા માટે ઈન્ડીયનો અમેરીકા જાય છે ? અને એક વખત ત્યાં જાય છે તો કાયમને માટે ત્યાં રહી જાય છે ! કેમ એનાં કારણો કોઈ શોધતું નથી ? શા માટે આપણે આપણા દેશમાં એવી પરીસ્થીતી સર્જી શક્યા નથી કે જેને લીધે લોકો પોતાનું વતન છોડીને અમેરીકા જઈને રહેવાનું પસંદ જ ન કરે ?

આપણાં શહેરો જેવાં શહેરો અને આપણાં ગામડાં જેવાં ગામડાં ત્યાં પણ છે. શહેર હો કે ગામડું એની સુઘડતા કે વ્યવસ્થા જ એવાં કે તે કોઈનું પણ આકર્ષણ બની રહે છે. શહેરમાં રહેનારની જેમ જ ગામડામાં રહેનારની પણ પ્રાથમીક જરુરીયાતો, સવલતોની બરાબર કાળજી રખાય છે.

આપણી આરોગ્યસેવાઓ ખુબ જ સારી હતી. પણ પશ્ચીમનું અનુકરણ કરવા જતાં એ સેવાઓ કથળી છે અને એ પણ એટલી હદે કથળી છે કે પૈસા બનાવવાનો એ વ્યવસાય થઈ ગયો છે.

ધર્મની બાબતમાં અમેરીકાની નીતી નીરપેક્ષ વલણની છે. દરેક નાગરીક કે વસાહતી પોતાને ગમે તે ધર્મ પાળી શકે છે. આપણે આપણું મન્દીર, મસ્જીદ ત્યાં ઉભાં કરી શકીએ છીએ, કરીએ છીએ. કથાવાર્તા, પુજા–પાઠનું મોટા પાયે ત્યાં આયોજન થાય છે.

સમાજ–જીવનની બાબતમાં પણ આપણે અહીંનાં જ ધોરણો ત્યાં લઈ ગયા છીએ અને એ ચોકઠામાં ગોઠવાઈને જીવીએ છીએ. મામુલી ફેરફારો બાદ કરતાં, આપણાં દીકરા–દીકરીનાં લગ્ન માટે અહીં જેમ નાના પાયે બાંધછોડ કરીએ છીએ, તેમ ત્યાં પણ કરીએ છીએ; પણ ત્યાં આ બાંધછોડ થોડીક વધારે છે.

ત્યાં લગ્નજીવન સ્થીર નથી. અહીં પણ એની થોડી અસર વર્તાવા માંડી છે. અહીં જે વ્યક્તીસ્વાતંત્ર્ય આવ્યું છે એ ત્યાંની અસર છે. એ સારું થયું છે કે ખરાબ એનું તારણ અત્યારે કાઢવું એ વહેલું છે; પણ જે થઈ રહ્યું છે એ સ્વીકાર્યા વીના છુટકો નથી. અમેરીકામાં દૈનીક જીવનમાં જે હીંસા જોવા મળે છે, બાળ–અપરાધોની સંખ્યા વધી રહી છે, ડ્રગ્સનો વપરાશ વધી રહ્યો છે એના માટે લગ્નજીવનની અસ્થીરતા, પતી–પત્નીનો કલહ અને ભાંગેલાં પરીવારને જવાબદાર ગણવામાં આવે છે. અમેરીકનો પોતાની નબળાઈથી પુરેપુરા વાકેફ છે; પણ એ એનું નીવારણ કરી શકતા નથી એટલી એમની લાચારી છે.

અમેરીકામાં દરેક પરીવારમાં પતી અને પત્ની બન્ને કામ કરતાં હોય છે. એમની દીનચર્યા એ પ્રમાણે ગોઠવાયેલી હોય છે. સન્તાનને બેબીસીટર પાસે કે પરીવારના વડીલ પાસે મુકીને કામ પર જવાનું હોય છે. ભારતમાં પણ મોટાં શહેરોમાં આમ થવા માંડ્યું છે. વધેલી જરુરીયાતો અને મોંઘવારીને કારણે આમ થયું છે. આવાં પરીવારોમાં મહેમાન થઈને જનારાઓની આગતા–સ્વાગતા બરાબર ન થાય એ સ્વાભાવીક છે.

અઠવાડીયાના પાંચ દીવસો કામના દીવસો છે. એ દીવસોમાં કોઈ ઈતર પ્રવૃત્તી કરવાનો કોઈ અવકાશ જ રહેતો નથી. કૌટુમ્બીક પ્રસંગો જેવા કે જન્મદીવસ, વીવાહ, લગ્ન અને ધાર્મીક પ્રસંગો જેવા કે કથાપુજા બધુંય શની–રવીના દીવસોમાં જ ગોઠવાય છે. જન્માષ્ટમી, મહાવીર જયન્તી જેવા તહેવારો પંચાંગે નીર્ધારેલા દીવસોએ ઉજવવાને બદલે એ દીવસોની આગળ–પાછળ આવતા શની–રવીમાં જ ઉજવાય છે.

આપણાં સન્તાનો અમેરીકામાં અમેરીકન બાળકોનું જ અનુકરણ–અનુસરણ કરે – જેને PEER PRESSUREના નામે અમેરીકામાં ઓળખવામાં આવે છે એ સામાન્ય ઘટના છે. માતાપીતાના દબાણ હેઠળ બાળકો ઘરમાં માતૃભાષામાં વહેવાર ભલે કરે; પણ એ દબાણ એમનાંમાં માતૃભાષા માટે પ્રેમ જન્માવી શકતો નથી. પહેરવેશ અને ખાનપાનની બાબતમાં તો દેશ તેવો વેશ BE ROMAN IN ROME–વાળી વાત છે. એમાં સુગાળવાપણું ત્યાં જન્મેલી, ઉછરેલી પેઢી સ્વીકારવા તૈયાર નથી.

મુક્ત જાતીય જીવન માટે પશ્ચીમના દેશો જાણીતા છે, મુક્ત જાતીય જીવન માણવું છે; પણ એનાં પરીણામે પેદા થતાં સન્તાનો નથી જોઈતાં એટલે જ ગર્ભનીરોધનાં સાધનો અને સાવચેતીઓ પશ્ચીમના દેશોએ વીકસાવ્યાં છે. એ તો આપણે પણ અપનાવ્યાં છે.

પરીવારમાં વૃદ્ધોને સાચવવા માટે પશ્ચીમના દેશોએ SENIOR CITIZENS HOME નામની સંસ્થા ઉભી કરી છે. અમેરીકામાં આ સંસ્થા ખુબ જ સારું કામ કરે છે. પોતાના વૃદ્ધ થયેલા વડીલો સન્તાનોને બોજા રુપ લાગે છે એને માટે આ વ્યસ્થા સારો ઉકેલ છે.

અને અમેરીકાની એક ખાસીયત આટલાં વર્ષોમાં મને જોવા મળી છે તે એ છે કે પોતાને જોઈએ તેના કરતાં વધારે વસ્તુઓ ખરીદી ઘર ભરવામાં એ લોકોને જરાયે રસ નથી. એટલે ત્યાં કોઈ પણ ચીજની ક્યારેય અછત વર્તાતી નથી.

અમેરીકામાં જ્ઞાનપ્રાપ્તીનાં સાધનો પુષ્કળ છે. વ્યક્તીના વીકાસની તકોયે પુષ્કળ છે. સખત પરીશ્રમ કરીને આગળ વધનારને કોઈ અવરોધ ત્યાં નડતો નથી. ભારતમાં જોવા મળતી ટાંટીયાખેંચ ત્યાં જોવા મળતી નથી.

ગુજરાતી ભાષા અને સાહીત્યની સેવા માટે 'ગુજરાતી લીટરરી અકાદમી ઓફ નોર્થ અમેરીકા' સારું કામ કરી રહી છે. 'ગુર્જરી ડાયજેસ્ટ' અને 'ગુંજન' જેવાં સામયીકો દ્વારા અનુક્રમે ન્યુ જર્સી સ્થીત શ્રી કીશોર દેસાઈ ( kdesai1938@gmail.com ) અને કેલીફોર્નીયા સ્થીત શ્રી. આનંદરાવ લીંગાયત ( gunjan_gujarati@yahoo.com ) હજી પણ પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે.

ટેકનોલૉજીના ક્ષેત્રે જગતમાં જે પ્રગતી થઈ રહી છે એનો પુરેપુરો લાભ અમેરીકાએ લીધો છે – એનો ગેરલાભ બીજા દેશો પર જવા દઈને. આ હકીકતની બહુ ઓછા લોકોને ખબર છે.

અત્યાર સુધીમાં દુનીયામાં થયેલાં યુદ્ધોમાંથી એક પણ યુદ્ધ અમેરીકાની ભુમી પર ખેલાયું નથી એટલું એ સાવધ છે. ઈ.સ. ૨૦૦૧ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે ન્યુ યૉર્ક પરના વર્ડ ટ્રેડ સેન્ટર પરના હુમલાને બાદ કરતાં અમેરીકા પર હુમલો કરવાની દુનીયાના કોઈ દેશે હીમ્મત દાખવી નથી.. આ છે અમેરીકાની વીદેશનીતીની સફળતા.

લગભગ દરેક ચીજની કારમી અને કાયમી અછત માટે ભારત પંકાયેલું છે. અને એ એવું જ પંકાયેલું છે લાંચરુશવતની બદી માટે. અહીં કોઈ પણ કામ લાંચરુશવત વગર થાય જ નહીં. પહેલાં આ બદી સરકારી ખાતાં પુરતી મર્યાદીત હતી. અત્યારે એ કબીરવડની જેમ બધે જ ફેલાઈ ગઈ છે. ખાનગી કંપનીમાં નોકરી મેળવવાની હોય કે શાળા–કૉલેજોમાં એડમીશન લેવાનું હોય કે પરીક્ષામાં પાસ થવાનું હોય, ચાંલ્લો આપો તો તમારું કામ થાય, નહીંતર ભયો ભયો !

મને અમેરીકા ગમે છે – કેમ ?

–કાન્તી મેપાણી–

લેખક સમ્પર્ક :
B-9/37 – Khiranagar, S. V. Road, Santacruz (w), Mumbai- 400 054
Phone : 022-2661 8628 Mobile- 96197 52212 eMail : mkantilal@aol.com

ભારતીય વીદ્યાભવનના પ્રતીષ્ઠીત માસીક ‘નવનીત–સમર્પણ’ના નવેમ્બર, ૨૦૧૦ના દીપોત્સવી અંક ‘દેશ–પરદેશ’ના પાન ૮૯ પરથી સાભાર… *(ભારતીય વીદ્યાભવના આ પ્રસીદ્ધ ગુજરાતી માસીક વીશેની અને તેના લવાજમના દર વીશેની સઘળી માહીતી સંસ્થાની વેબસાઈટ http://www.bhavans.info/periodical/samarpan.asp પરથી મળી રહેશે) …ઉત્તમ ગજ્જર…*

@@@

‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષઃ સાતમું - અંકઃ 252 – September 09, 2012

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

**More than 1,59,30,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**

**More than 14,10,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**

**More than 3,30,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**

@@@@@@@@@